W C પરચુરણ અરજ નં. ૧૩/૨૦૧૬

**<u>આંક– ૧ લગત હુકમ</u>**

૧. સાંભળ્યા, અરજી, રેકર્ડ, રજુઆતો વગેરે ધ્યાને લીધા. અરજદાર પક્ષે વિ.વ.શ્રીએ કરેલ રજુઆતો ધ્યાને લીધાં તથા સામાવાળા પક્ષે વિ.એ.જી.પી.શ્રી એ કરેલ રજુઆતો વિ. ધ્યાને લીધા. હાલની અરજી આપી ગુજરનાર કામદારના વારસોને નાદારીમા હાલના કેસ ની કાર્યવાહી આગળ ચલાવવા પરવાનગી આપવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

૨. સદરહુ કામે રેકર્ડપર આવેલ હકીકતો ધ્યાને લેતાં, ઘરના કમાનાર વ્યકિત એવા કામદાર ગુજરી ગયેલા છે. તથા અરજદાર વિધવા બાઈ છે. તથા તેમના ત્રણ સગીર સંતાનો છે. તથા તેમણે સોગંદનામુ રજુ કરી, તેમની પરીસ્થીતી ની હકીકત સોગંદ ઉપર જાહેર કરેલ છે. તથા તેઓ એ દર્શાવેલ હકીકત થી વિરૂધ્ધ ની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવવા પામેલ પણ નથી. આ સંજોગોમાં તમામ પાસા ધ્યાને લેતાં, હાલની અરજી યોગ્ય શરતોને આધીન મંજુર કરવી યોગ્ય જણાતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

અરજદારો ને નાદારીમા હાલના કેસ ની કાર્યવાહી આગળ ચલાવવા પરવાનગી આપવામા આવે છે.

કોં ફી ની વસુલાત માટે સી.પી.સી. ઓર્ડર ૩૩ રૂલ ૧૪ મુજબની કાર્યવાહી અનુસરવાની રહેશે.

ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

તા. ૦૮/૦૨/૨૦૧૮
ભાવનગર.

કમિશ્નર શ્રી,
ધી એમ્પલોઈઝ કોમ્પેન્સેશન એકટ,
ભાવનગર.